# ગાંધીનગર રવિવારે ચૂંટણીમય બન્યું

## ઉમેદવારો, કાર્યકરો, મતદારો તથા વિવિધ ક્ષેત્રના આગેવાનોના સક્રીય પ્રયાસો રાજકીય ઉત્સવમાં પલટાયા

ગાંધીનગર, તા. ૧૨

રાજકીય પાઠશાળા ગણાતુ ગાંધીનગર રવિવારના રોજ ચૂંટણીમય બની ગયું હતું. સહકારી ક્ષેત્રની બે પ્રતિષ્ઠિત સંસ્થાઓની રવિવારના રોજ યોજાયેલી ચૂંટણીમાં રાજકીય આગેવાનો, સહકારી આગેવાનો તથા નગરના અગ્રણીઓ સહિત અનેક હસ્તીઓ ચૂંટણીના સમીકરણો સમજવામાં વ્યસ્ત બની હતી. રવિવારની રજાનો ભરપૂર ઉપયોગ કરી ચૂંટણી જંગમાં વિજેતા થવા ઉમેદવારો સહિત તેમના કાર્યકરોએ એડીચોટીનું જોર લગાવતા નગરના માર્ગો ઉપર જણાઈ રહ્યા હતા. જેથી સમગ્ર નગર ચૂંટણીમય બની ગયું હતું.

ગાંધીનગરમાં નગરની પ્રતિષ્ઠિત ગણાતી નાગરિક બેંકની વ્યવસ્થાપક કમિટિની ૧૩ બેઠકો માટે તેમજ દૂધ વાપરનારાઓની મંડળીના કમિટિના બે સભ્યો માટેની ચૂંટણી રવિવારના રોજ ભારે ઉત્તેજનાભર્યા માહોલમાં યોજાઈ હતી. નગરની સહકારી સંસ્થાઓની



(તસવીર : દિપક જાની)

ચૂંટણીમાં બેઠકો અંકે કરવા ઉમેદવારોએ અનેક રાજકીય સમીકરણો રચ્યા હતા. જેમાં ઉમેદવારોને બાહ્ય સપોર્ટ કરવા જિલ્લાભરના તથા રાજ્યના રાજકીય આગેવાનો, સ્થાનિક સહકારી સંસ્થાઓના આગેવાનો તથા નગરના અગ્રણીઓ પણ ઉમટી પડ્યા હતા.

મતદારોને મતદાન મથક સુધી લાવવા ઉમેદવારોના કાર્યકર્તાઓએ સક્રીય પ્રયાસો હાથ ધર્યા હતા. જેથી ગ્રામ્ય વિસ્તારોમાંથી ટ્રેક્ટરો પણ માર્ગો ઉપર વધુ પ્રમાણમાં જોવા મળ્યા હતા. જ્યારે અન્ય વાહનોનો પણ ખડકલો મતદાન મથકના વિસ્તારોમાં જોવા મળ્યો હતો. નાગરીક બેંકની ચૂંટણી માટે સેક્ટર-૧૬ ખાતે મતદાન મથક ઉભા કરાયા હતા. જ્યારે દૂધ વાપરનારાઓની મંડળીના સેક્ટર-૪ તથા ૮માં મતદાન મથક ઉભા કરાયા હતા. રવિવારની રજા હોવાથી ચૂંટણી માહોલને નજરે નીહાળવા નગરજનો પણ આંટા ફેરા કરી લેતા હતા. જેથી સમગ્ર નગરના માર્ગો પણ ચૂંટણીલક્ષી કાર્યવાહીમાં જોતરાયેલા જણાતા હતા. આમ ગાંધીનગર ચૂંટણીઓ થકી રવિવારના રોજ સતત ચર્ચામાં વ્યસ્ત રહી ભારે અવરજવરવાળુ બન્યું હતું.

## મતદાનની સાથે...સાથે...

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં આજે નાગરિક બેંકની ચૂંટણીને લઈને ખરાખરીનો જંગ ખેલાયો હતો. પાવર પેનલ અને પરિવર્તન પેનલે જીતવા માટે એડીચોટીનું જોર લગાવ્યુ હતુ. મતદારોને રીઝવવા માટે બન્ને પેનલોએ ખુબજ પ્રયાસો કર્યા હતા.

- પરિવર્તન પેનલે પોતાનું નિશાન ઘોડો હોવાથી મતદાનના દરવાજા આગળ ઘોડો ઉભો રાખવામાં આવ્યો હતો.
- પાવર પેનલે મતદારો અને સમર્થકો માટે ગરમા ગરમ ભજીયા ડુંગળી અને મરચા સાથે પિરસ્યા.
- પરિવર્તન પેનલે ગરમાગરમ ભજીયા, બુંદીની મતદારોને મિજબાની કરાવી.



- મતદાન મથક પ્રવેશ દ્વારથી લઈને બૂથ સુધી ઉમેદવારો બે-બે ફૂટના અંતરે ગોઠવાઈ ગયા.
- મતદારોને પકડી પકડીને હાથ મિલાવી વિજયી બનાવવા આજીજી કરતા નજરે પડ્યા હતા.
- બુથ નંબર-૬માં વારંવાર કમ્પ્યુટર ખોટખાતા કર્મચારીઓ પરેશાન થયા હતા.
- ઘ-૫ થી લઈ સેક્ટર-૧૬ મતદાન મથક સુધી ફોર વ્હીલર કારની કતારો જોવા મળતી હતી.
- ભાજપ - કોંગ્રેસના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.
- સવારથી બપોર ૧૨.૦૦ વાગ્યા સુધી મતદારોનું કીડીયારૂ ઉભરાયું.
- જ્યારે બપોરે ૩.૦૦ વાગ્યા પછી મતદારોની પાંખી હાજરી જોવા મળતી હતી.
- સમર્થકો વચ્ચે ક્યાંક ક્યાંક ચકમક જોવા મળી હતી. પરંતુ સમજાવટથી બધુ થાળે પડી ગયું હતું.
- આજે ગાંધીનગરમાં નાગરિક બેંક અને ગાંધીનગર દૂધ વાપરનારાઓની મંડળીની એમ બે ચૂંટણીઓ યોજાઈ હતી.
- ચૂંટણીને લઈને નગરના રસ્તાઓ ઉપર સ્વયંભુ કરફ્યુ જેવો માહોલ જોવા મળતો હતો. રસ્તાઓ સૂમસામ બન્યા હતા.
- મોટી ઉંમરના અશક્ત મતદાતાઓએ મત આપવા ઉત્સાહ બતાવ્યો હતો.
- બન્ને પેનલના મોટા ભાગના ઉમેદવારો સફેદ વસ્ત્રોમાં જોવા મળ્યા હતા.

## મહારાષ્ટ્ર સમાજના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૨

મહારાષ્ટ્ર સમાજ ભવન ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. સભામાં વર્ષ-૨૦૧૫-૨૦ સુધીના કાર્યકારી મંડળના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે સોમનાથ ખાંદારે, ઉપપ્રમુખ પદે સંતોષ મુળે, કિશોર પંચાક્ષરી, મંત્રી પદે ચન્દ્રકાંત કાંબળે, સહમંત્રી પદે કિરીટ કાંબળે, પ્રકાશ વિચારે, ખજાનચી પદે સુભાષ લિમ્ગાવકર, સહ ખજાનચી પદે સંદીપ પાંગે, આંતરિક ઓડિટર પદે જિતેન્દ્ર વાઘ સહિત કાર્યકારી સભાસદોની વરણી કરવામાં આવી છે.

## શહેરમાં રથયાત્રાનો રૂટ

| | | |
|---|---|---|
| શ્રી પંચદેવ મંદિર | સેક્ટર-૨૨ | પ્રયાણ |
| શોપીંગ સેન્ટર, શ્રી વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર | સેક્ટર-૨૨ | ૭.૦૫ |
| ૧૭-૨૨ થઈને શોપીંગ સેન્ટર | સેક્ટર-૧૭ | ૭.૨૦ |
| શ્રી હનુમાનજી મંદિર | સેક્ટર-૧૭ | ૭.૩૦ |
| વાયા નાગરિક બેંક શોપીંગ સેન્ટર, શ્રી બાલાજી મંદિર | સેક્ટર-૧૬ | ૮.૦૦ |
| યુથ હોસ્ટેલ, સરકારી કોલેજ વાયા મહાત્મા મંદિર | સેક્ટર-૧૫ | ૮.૩૦ |
| શ્રી લિંબચ માતા મંદિર-શોપીંગ સેન્ટર | સેક્ટર-૧૩ | ૯.૦૦ |
| શોપીંગ સેન્ટર, શ્રી ઉમિયાધામ, બલરામ મંદિર, | સેક્ટર-૧૨ | ૯.૧૫ |
| વિશ્વકર્મા મંદિર નજીકના ચાર રસ્તા | | |
| શ્રી ભુવનેશ્વર મહાદેવ/સંત રોહિદાસ મંદિર (માત્ર રથ) | સેક્ટર-૬ | ૯.૩૫ |
| ૬/૩ અને ૭/૨ થઈને શોપીંગ સેન્ટર | સેક્ટર-૭ | ૧૦.૧૫ |
| શોપીંગ સેન્ટર | સેક્ટર-૮ | ૧૦.૩૦ |
| એરફોર્સ,પોલીસ ભવન, આંકડા બ્યુરો, નવા સચિવાલય | સેક્ટર-૯/૧૦ | ૧૧.૦૦ |
| પુછપરછ કચેરી અને ઘ-ટાઈપના મકાન | સેક્ટર-૧૯ | ૧૧.૬૦ |
| ચિલ્ડ્રન યુનિવર્સિટીથી અક્ષરધામ | સેક્ટર-૨૦ | ૧૧.૪૫ |
| સેક્ટર-૩૦ ચાર રસ્તા, શ્રી ગુરૂદ્વારા | સેક્ટર-૩૦ | ૧૨.૧૦ |
| શોપીંગ સેન્ટર, જાગૃતિપાર્ક | સેક્ટર-૩૦ | ૧૨.૨૫ |
| વિસામો - શ્રી જલારામ મંદિર | સેક્ટર-૨૯ | ૧૨.૩૦થી ૧૫ |
| વિસામા બાદ પુનઃ પ્રયાણ | સેક્ટર-૨૯ | ૧૫ |
| શ્રી સિધ્ધેશ્વર મહાદેવ મંદિર, શ્રી મહાકાળી મંદિર | સેક્ટર-૨૯ | ૧૫.૧૦ |
| શ્રી દત્ત મંદિર (વાયા બાલોદ્યાન) | સેક્ટર-૨૮ | ૧૫.૨૦ |
| શ્રી સોમેશ્વર મંદિર (એસ.આર.પી.), શ્રી શિવશક્તિ મંદિર | સેક્ટર-૨૭ | ૧૫.૫૦ |
| શ્રી સાંઈબાબા ચોક-સરકાર કોલોની | સેક્ટર-૨૪/૨૭ | ૧૬.૧૫ |
| સેક્ટર-૨૪/૨૫, આદર્શનગર શોપીંગ સેન્ટર | સેક્ટર-૨૪ | ૧૬.૩૫ |
| શ્રી આર્ય સમાજ મંદિર | સેક્ટર-૨૪ | ૧૬.૫૫ |
| ભારતનગર, ઈન્દીરાનગર, પાઠ્યપુસ્તક મંડળ | સેક્ટર-૨૪ | ૧૭.૧૦ |
| શ્રી સ્વામિનારાયણ મંદિર | સેક્ટર-૨૩ | ૧૭.૩૦ |
| શોપીંગ સેન્ટર | સેક્ટર-૨૩ | ૧૭.૪૦ |
| શ્રી આયુર્વેદ હોસ્પિટલ, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ | સેક્ટર-૨૨ | ૧૮.૧૦ |
| ૨૨/૨૯, ચ-૬, શ્રી વૈજનાથ મહાદેવ | સેક્ટર-૨૧ | ૧૮.૨૦ |
| જિલ્લા પુસ્તકાલય, શાકમાર્કેટ, શ્રી અંબાજી મંદિર | સેક્ટર-૨૧ | ૧૮.૪૦ |
| શ્રી પંચદેવ મંદિર પરત | સેક્ટર-૨૨ | ૧૯.૩૦ |

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.03
સૂર્યાસ્ત : ૭.30

### તાપમાન

મહત્તમ : 33.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૬૪ ટકા

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૨ :**
બાહુબલી : ૩.૩૦, ૧૦.૦૦
આઈ લવ એન.વાય : ૬.૩૦

**સ્ક્રીન-૩ :**
બાહુબલી : ૧૨.૩૦
આઈ લવ એન.વાય : ૪.૦૦, ૧૦.૧૫
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૭.૦૦

**સ્ક્રીન-૪ :**
આઈ લવ એન.વાય : ૧૦.૦૦, ૧૨.૪૫
ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫
ગુડુ રંગીલા : ૪.૧૫, ૧૦.૪૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૭.૪૫

**સ્ક્રીન-૫ :**
દિલ દે કે દેખો : ૧૦.૦૦
તનુ વેડસ મનુ ૨ : ૧.૦૦
એબીસીડી - ૨ : ૩.૪૫, ૧૦.૦૦
બાહુબલી : ૬.૪૫

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**
૩ડી મીનીયન (અંગ્રેજી) :૧૦.૦૦, ૬.૧૦, ૮.૨૦
એબીસીડી ૨ (૩ડી) : ૧૨.૧૦
જુરાસિક વર્લ્ડ (૩ડી) : ૩.૨૫
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**
બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
બાહુબલી : ૧૦.૪૫, ૨.૦૫, ૮.૪૫
પ્રેમજી : રાઈઝ ઓફ વોરિયર (ગુજરાતી) : ૫.૨૫

**સ્ક્રીન-૪ :**
જુરાસિક વર્લ્ડ (૨ડી) (હિન્દી) : ૧૦.૪૫
આઈ લવ એન.વાય (હિન્દી) : ૧.૦૦
એબીસીડી ૨ (૩ડી) : ૩.૪૫, ૯.૫૦
હમારી અધુરી કહાની (હિન્દી) : ૭.૦૦

### આપની આજ

**મેષ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતનનો યોગ બની રહ્યો છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ. આવકના સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ.

**મિથુન** : વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે. કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કર્ક** : પદ- પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ યોગ બની રહ્યો છે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. આત્મવિશ્વાસમાં વધારો થશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી. ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓની લગતી બાબતોમાં યાત્રા અને ખર્ચ થશે.

**તુલા** : રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. રોગ નિવારણાર્થે કાર્યો માટે યાત્રા પ્રવાસ થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

# પાંચ હજાર માટે મામાએ ભાણેજની હત્યા કરી નાંખી

## વાસણા રાઠોડ ગામમાં મોડી રાત્રે બનેલી ઘટના : ભાણેજે ઉપાડ લીધેલા રૂપિયા પરત કર્યા વગર ઘરે જવાનું કહેતા મામાએ ધારીયાના ઘા ઝીંકી દીધા

ગાંધીનગર, તા. ૧૨

દહેગામ તાલુકાના વાસણા રાઠોડ ગામમાં ગઈ રાત્રીએ બનેલા હત્યાના બનાવે ચકચાર મચાવી દીધી છે. રૂ. ૫ હજાર માટે મામાએ ભાણેજને ધારીયાના છ થી સાત ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દીધો હોવાની ઘટના બનવા પામી છે. ભાણેજની હત્યા કરીને મામા ફરાર થઈ ગયા છે. દહેગામ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વડોદરાનું પરિવાર દહેગામ પાસેના વાસણા રાઠોડ ગામે હાર્દિકભાઈ બ્રાહ્મણના ખેતરમાં છાપરૂ બનાવીને ત્યાં રહી મજુરી કામ કરે છે. મામા ભગા જગા નાયકે રૂ. ૨૦ હજાર અને ભાણેજ રાજુ જેકને રૂ. ૫ હજાર ખેતીના કામ માટે ઉપાડ લીધા હતા. આ ઉપાડ લીધેલા રૂપિયા આપ્યા વિના જ રાજુ જેકન (ભાણેજ) પોતાના ગામે ઘરે જતો રહેવાનું અને ઉપાડના રૂપિયા તમે ચુકવી દેજો કહેતા મામા-ભાણેજ વચ્ચે બબાલ થઈ હતી. સાંજે થયેલી બબાલને સગાઓએ વચ્ચે પડીને શાંત પાડી હતી. પરંતુ મોડી રાત્રે ભાણેજે કપડા ભરવાનું શરૂ કરતા મામા ઉશ્કેરાયા અને ધારીયુ ઉઠાવી છ થી સાત ઘા ઝીંકી ભાણેજની હત્યા કરી નાંખી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ મામલે દહેગામ પોલીસે ભાણેજનો મૃતદેહ પી.એમ. કરાવી હત્યાનો ગુનો નોંધી ઊંડી તપાસ શરૂ કરી છે.

# ગોકુલપુરા પાસે મોડી રાત્રે લાકડીઓ અને પાઈપો ઉછળી

## છાપરાવાસીઓને મળેલા આવાસ પૈકી કેટલાકને મકાન ન મળતા ભંડોળની ઉઘરાણી થતા મામલો બીચક્યો : રાયોટીંગ

ગાંધીનગર, તા. ૧૨

છાપરાવાસીઓને સરકાર તરફથી આવાસ મળે તે માટે કમીટી બની હતી. ત્યાર બાદ કેટલાકને મકાનો મળ્યા પરંતુ કેટલાકને ન મળ્યા...! કમીટી બની ત્યારે ભંડોળ ભેગુ કરવામાં આવ્યું હતું. મકાન ન મળ્યા તે સભ્યોએ ભંડોળનું ઉઘરાણુ કરતાં ગઈરાત્રે ગોકુળપુરા પાસે ધીંગાણું થયું હતું. લાકડીઓ અને પાઈપો ઉછળતા સે. ૭ પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ગોકુળપુરાના બાબુ દેવા દંતાણીએ નોંધાવેલી ફરીયાદ મુજબ ભીખા આત્મારામ દંતાણી, ગોપાલ દંતાણી અને ધર્મેશ ભીખા દંતાણીએ ગાળાગાળી કરીને લાકડી-પાઈપ વડે મારી ગડદાપાટુનો માર માર્યો હતો. તો બીજી તરફ ક્રોસ ફરીયાદ ભીખા આત્મારામ દંતાણીએ નોંધાવી હતી. બાબુ દંતાણી, પ્રકાશ દંતાણી, મણી દંતાણી અને સંજય દંતાણીએ મળીને પાઈપ, લાકડીઓ મારીને જાનથી મારી નાંખવાની કોશીષ કરી ધિંગાણુ કર્યુ હતુ. સે. ૭ પોલીસે બન્ને પક્ષે ક્રોસ ફરીયાદ નોંધી રાયોટીંગનો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# વાલીમંડળ દ્વારા ગ્રાન્ટેડ સંસ્થાઓ ચાલુ રાખવા માંગ

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકાર તરફથી સીપીએડ, પીટીસી, ડીપીએડને જીસીઆરટી પરિષદ દ્વારા ગ્રાન્ટ ઈન એઈડ, ડાયટ સંસ્થાઓ ચલાવવા માટેની મંજુરી એન.સી.ટી.ઈ. દ્વારા આપેલ હતી. પરંતુ તાત્કાલિક અસરથી રાજ્ય સરકારે તા. ૩૦-૬-૨૦૧૪ના ઠરાવથી બંધ કરી દીધી છે. જેથી ગુજરાત રાજ્ય વાલીમંડળે રાજ્યના મુખ્યમંત્રીને આ સંસ્થાઓ ચાલુ રાખવા માંગ કરી છે.

રાજયમાં સીપીએડ, પી.ટી.સી., ડીપીએડ ગ્રાન્ટઈન એઈડ તથા ડાયટ સંસ્થાઓ ઘણા સમયથી એન.સી.ટી.ઈ. દ્વારા મળેલ મંજુરી આધારે પ્રાથમિક શિક્ષણના પાયાને મજબૂત કરવા પ્રયત્નશીલ હતી. આ સંસ્થાઓમાં ધો. ૧૨ પછીના વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્ય કેન્દ્રીયકૃત પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ આપવામાં આવતો હતો. વર્સ ૨૦૧૪-૧૫ માં આ અભ્યાસક્રમમાં ગુજરાત રાજ્ય પ્રવેશ સમિતિએ એક જ વખત ભરતી પ્રક્રિયા હાથ ધરતાં ડાયટની પીટીસી કોલેજો તેમજ ગ્રાન્ટઈન એઈડ પીટીસી કોલેજોમાં સંખ્યા નહીવત જ આવી. છતાં પણ ભરતી માટે અન્ય કોઈ તક આપ્યા સિવાય કે સુચના કે જાણ કર્યા સિવાય અને એનસીટીઈની પૂર્વ મંજુરી સિવાય સરકાર દ્વારા સરકારી-૩, ડાયટની કોલેજ ૧૦થી ૧૨, પીટીસી-૮, સીપીએડ-ડીપીએડ-૫ એમ આ કોલેજો તા. ૩૦-૬-૧૪ના ઠરાવથી બંધ કરવામાં આવી છે.

આ અંગે ગુજરાત રાજ્ય વાલીમંડળે રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ આ સંસ્થાઓના કોડ ચાલુ રાખી વર્સ-૨૦૧૫-૧૬ ની પ્રવેશ પ્રક્રિયાઓ હાથ ધરવા માંગ કરી છે. તેમજ પ્રાથમિક શિક્ષણને વેગ મળે તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ તેવું પણ જણાવેલ છે.

## છાંકનો મનોરથ

ગાંધીનગર, તા. ૧૨

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલીમાં આજે સોમવારે છાંકનો મનોરથ, માનસી ગંગા દીપદાનનો મનોરથ યોજાયે.

## દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સ્થિત તેજસભાઈ અને હિનાબેનના પિતાજી શરદચંદ્ર જન્મશંકર દવે (ભાવનગર નિવાસી) નિવૃત્ત અધિકારી સહકારી ખાતુ, અવસાન ગત રોજ શનિવારે થયું છે. સ્વર્ગસ્થનું બેસણું આજરોજ સોમવારે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૬૦૮/૧, સેક્ટર-૫-સી ખાતે રાખવામાં આવેલ છે.

# આજે ગાંધીનગરમાં શ્રમ મંત્રીઓની પશ્ચિમ ક્ષેત્રિય પરિષદ

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ સોમવાર તારીખ ૧૩ જુલાઈએ ગાંધીનગરમાં યોજાનારી વેસ્ટર્ન ઝોનલ લેબર મિનિસ્ટર્સ કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન ભારત સરકારના શ્રમ રાજયમંત્રી શ્રી બાંડારુ દત્તાત્રેયની ઉપસ્થિતિમાં કરશે.

શ્રમમંત્રીશ્રીઓ અને શ્રમ સચિવશ્રીઓની આ પરિષદમાં ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગોવા સહિતના રાજયોના તેમજ કેન્દ્ર સરકારના શ્રમ સચિવશ્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ ભાગ લેવાના છે.

# આસારામ કેસના બે સાક્ષી સુરક્ષા માટે હવે ગુજરાતમાં

અમદાવાદ,તા. ૧૨

આસારામ બળાત્કાર કેસમાં અન્ય એક ચાવીરુપ સાક્ષી ઉપર ઉત્તરપ્રદેશના શાહજાનપુરમાં જીવલેણ હુમલો કરવામાં આવ્યા બાદ આસારામ કેસના બે સાક્ષીઓને વધુ સુરક્ષા માટે ગુજરાતમાં ખસેડવામાં આવ્યા છે. સાક્ષીઓમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે જેના કારણે આ સાક્ષીઓને સુરક્ષિત જગ્યાઓ ઉપર ખસેડવામાં આવી રહ્યા છે. આસારામ અને તેમના પુત્ર નારાયણ સાંઈ સામે રાજસ્થાન અને ગુજરાતમાં નોંધાયેલા બળાત્કારના કેસમાં સાક્ષી રહેલા છ લોકો ઉપર હુમલા થઈ ચુક્યા છે. સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, મે ૨૦૧૫માં નારાયણ સાંઈ સામે કેસમાં મુખ્ય સાક્ષી મહેન્દ્રસિંહ ચાવલા ઉપર હુમલો કરાયા બાદ બે સાક્ષીઓને ગુજરાતમાં ખસેડવામાં આવ્યાછે. કારણ કે તેમના પર હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. આસારામ-નારાયણ સાંઈ કેસમાં સીઆરપીસીની કલમ ૧૬૪ હેઠળ તેમના નિવેદનો તમામ સાત સાક્ષીઓના નોંધવામાં આવી ચુક્યા છે. અમૃત પ્રજાપતિને જૂન ૨૦૧૪માં ઠાર મારી દેવામાં આવ્યો હતો. બાકીના સાક્ષીઓ પૈકી બે સાક્ષીઓ જે રાજ્યની બહાર હતા તેમને સુરક્ષાના કારણોસર અહીં લાવવામાં આવ્યા છે. ક્રાઈમ બ્રાંચના સૂત્રોના કહેવા મુજબ ફરિયાદી અને સાક્ષીઓને સશસ્ત્ર સુરક્ષા આપવામાં આવી રહી છે. દરેકને બે બે સુરક્ષા અધિકારીઓ આપવામાં આવ્યા છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરાયા બાદ આસારામ મામલાને લઈને પણ ચર્ચા છે. અત્રે નોંધનીય છે કે, અત્રે ઉલ્લેખનીય છે કે, વિવાદાસ્પદ ગોડમેન આસારામ સામે બળાત્કારના કેસમાં સાક્ષી રહેલા વધુ એક વ્યક્તિ ઉપર ગઈકાલે શાહજાનપુર જિલ્લામાં જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે વિગત આપતા કહ્યું હતુ કે, ૩૫ વર્ષીય કૃપાલસિંહ ઉપર મોટરસાયકલ પર આવેલા બે શખ્સોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. કુવાયાન વિસ્તારમાં આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. તેઓ પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે આ હુમલો કરવામાં આવ્યા બાદ ખળભળાટ મચી ગયો હતો.